# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૫-૦૯-૨૦૨૪ રવિવાર સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## પ્રધાનમંત્રી મોદી-ગુજરાત મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોર બાદ અમદાવાદ પહોંચશે. તેઓ અમદાવાદ એરપોર્ટ પરથી ગાંધીનગર ખાતે રાજભવન જશે..

પ્રધાનમંત્રી આવતીકાલે સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો ,રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે.

પ્રધાનમંત્રી બપોરે 1 વાગીને 45 મિનિટે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે અને સેક્શન 1 મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે . પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રી રોકાણ કરીને 17 તારીખે સવારે ઓડિશા જવા રવાના થશે.

- (RNU અમદાવાદ)

---

## પ્રથમ વંદે મેટ્રો ટ્રેન:

ભારતની પ્રથમ વંદે મેટ્રો રેલ સેવાનો આરંભ કરવાનો નિર્ણય રેલવે વિભાગ દ્વારા લેવાયો હતો જે અંતર્ગત આવતી કાલે સાંજે ૪ વાગ્યેને ૫ મીનીટે આ ટ્રેન ભુજ થી ઉપડશે જે અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખીયાળી, હળવદ, ધાંગધ્રા, વિરમગામ, ચિલોડા, સાબરમતી થઈને રાત્રે સવા દસે અમદાવાદ પહોચશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સેવાનો પ્રારંભ વર્ચ્યુઅલી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

આ ટ્રેનમાં કુલ બાર કોચ હશે. અમદાવાદથી ૧૭ મી એ અને ભુજ થી ૧૮ મીથી કાયમી સેવાનો આરંભ થશે.

- (NP, તૌફીક સમા)

---

## હડતાલ મોકૂફ જાહેરાત:

રાજ્ય સરકારના કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને લઇને 17મી સપ્ટેમ્બરે પેન ડાઉન હડતાળ મોકૂફ રાખવા ની જાહેરાત કરી છે. કર્મચારીઓની રજૂઆતોને બંને સંગઠનના અગ્રણી સાથે પાંચ મંત્રીઓ ની યોજાયેલી બેઠક બાદ સરકારે હકારાત્મક વલણ દાખવતાં કર્મચારીઓએ હડતાળ મુલતવી રાખવાની જાહેરાત કરી છે..

ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે ગઈકાલે સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા એ પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું કે કર્મચારીઓના તમામ પ્રશ્નો પ્રત્યે રાજ્ય સરકાર ગંભીર છે, અને આગામી સમયમાં ફરી પાછી એક બેઠક કરવામાં આવશે.

- (RNU અમદાવાદ)

---

## લોક અદાલતનું આયોજન:

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ગઈકાલે દેશ સહિત રાજ્યભરમાં લોકઅદાલતનું આયોજન કરાયું હતું.. જીલ્લા મથક ભુજમાં પણ આ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફેમેલી લોક અદાલતમાં ૪૩ કેસનો નિકાલ કરાયો હતો.

વધુમાં વધુ કેસોનો નિકાલ કરવાના ઉદ્દેશ્ય સાથે લોક અદાલતમાં બંને પક્ષકારો સાથે સંમતિથી સમાધાન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ લોક અદાલતમાં ૯ હજાર ૧૯૧ કેસોનો નિકાલ કરાયો હતો.

- (NP, તૌફીક સમા)

---

## તુણા બંદર-સિદ્ધિ:

દીનદયાલ પોર્ટ તુણા બંદર ખાતે એક દિવસમાં ૪૭ હજાર ૯૧૦ મેટ્રિક ટન કોલ અનલોડ કરીને માલના પરિવહન ક્ષેત્રે વધુ એક સિદ્ધિ મેળવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોર્ટ દ્વારા ચાલુ નાણાકીય વર્ષના આરંભે જ પ્રથમ ૪૫ દિવસમાં સર્વાધિક કાર્ગો હેન્ડલિંગ કર્યું હતું. આ રીતે માલના પરિવહન ક્ષેત્રે પુનઃ નંબર વન બનવાની નેમ સાથે અનેક મહત્વના નિર્ણયોની સાથે ટ્રેડને જે સુવિધા જોઈએ તે આપવા માટે પ્રશાસન દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા હોવાનું એક યાદીમાં જણાવાયું છે.

- (NP, તૌફીક સમા)

---

## ગણેશ વિસર્જન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના દહેગામમાં ગણેશ વિસર્જન દરમિયાન નદીમાં ડૂબી જનાર આઠ લોકો પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે. આ ઘટનાના દરેક મૃતકોના વારસદારો માટે પ્રધાનમંત્રીએ રાહત કોષમાંથી બે લાખ રૂપિયાની જ્યારે ઘાયલોને 50,000 રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે..

- (RNU અમદાવાદ)

---

## એસ.ટી. વિભાગ નવી બસો:

દિવાળીના તહેવારમાં રાજ્યભરના મુસાફરો માટે એસ ટી વિભાગ દ્વારા બે હજાર બસો જેટલી વધારાની બસો દોડાવાશે.

રાજ્ય ગૃહમંત્રી અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સુરત માં પત્રકાર પરિષદ ને સંબોધતા 26 થી 30 ઓક્ટોબર દરમિયાન વધારાની બસોનું સંચાલન કરવાની જાહેરાત કરી હતી.. સુરતમાં વસવાટ કરતા સૌરા ષ્ટ્ર, ઉત્તર ગુજરાતના રત્નકલાકારો તેમજ દાહોદ પંચમહાલના શ્રમજીવીઓ માટે 950 જેટલી વધારાની બસો દોડાવાશે... આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને "એસ ટી આપના દ્વારે" અનુસાર તેઓને તેમની સોસાયટી થી તેમના વતન સુધી પહોચાડવામાં આવશે.

- (RNU અમદાવાદ)

---

## એન્જીનીયરીંગ ક્ષેત્રે પ્રદાન:

એન્જિનિયરિંગ ક્ષેત્રે આપેલા અદભૂત પ્રદાનને યાદ કરીને શ્રી એમ. વિશ્વેસરૈયાના જન્મદિવસને નેશનલ એન્જિનિયર ડે તરીકે ઉજવવામાં આવે છે. રાજ્યમાં વિદ્યાર્થીઓ ઈજનેરીક્ષેત્રે પોતાની કારકીર્દી બનાવી સકે માટે રાજ્ય સરકારે ગુજરાતના વિવિધ શહેરોમાં સરકારી એન્જિનિયરિંગ કોલેજની સ્થાપના ઉચ્ચ શિક્ષણ વિભાગ , કમિશનર ઓફ ટેક્નિકલ એજ્યુકેશનના નેજા હેઠળ કરી છે.

રાજ્યના પ્રથમ સરહદી જિલ્લા એવા કચ્છમાં સરકાર દ્વારા ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજની સ્થાપના કરવામાં આવી છે. જેમાં વિવિધ વિદ્યાર્થીઓ આ સેવાનો લાભ લઇ રહ્યા છે.

- (મા.ખા. ભુજ)

---